| | | |
|---|---|---|
| GJJM100003562015 | सत्यमेव जयते | દાખલ તારીખ : ૨૭/૦૫/ ૨૦૧૫<br>નોંધણી તારીખ: ૨૭/૦૫/ ૨૦૧૫<br>ફેંસલ તારીખ : ૨૪/03/ ૨૦૨૬<br>સમયગાળો : વર્ષ-મહીના-દીન<br>૧૦ - ૦૯ - ૨૮ |

માનનીય ધ્રોલ ના જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટ સમક્ષ, સ્થળ ધ્રોલ.

આંક :-

ફરિયાદી :- ગુજરાત સરકારશ્રી વતી,

શ્રી એસ.જી. ડુમાણીયા,

ઉ.વ.૨૮ વર્ષ, ખેતીવાડી અધીકારી ધ્રોલ,

સી/ઓ નાયબ ખેતી નિયામક (વિ.) ની કચેરી,

જીલ્લા સેવા સદન-૨, જામનગર.

વિરુદ્ધ

આરોપીઓ :- (૧) પાટીદાર એગ્રો સેન્ટર,

૭-ક્રિષ્ના શોપીંગ સેંટર , પટેલ સમાજ સામે,

એસ.ટી. રોડ, ધ્રોલ.

(૨) દિનેશભાઈ થોભણભાઈ ગડારા,

(આરોપી નંબર ૧ ના જવાબદાર વ્યકિત)

સી/ઓ પાટીદાર એગ્રો સેન્ટર,

૭-ક્રિષ્ના શોપીંગ સેંટર, પટેલ સમાજ સામે,

એસ.ટી. રોડ, ધ્રોલ.

(૩) રૈયાણી બ્રધર્સ,

૧, બદરી માર્કેટ, ઇન્ડીયન બેંક પાસે,

કે.વી.રોડ, જામનગર.

(૪) પ્રવિણભાઇ જી. રૈયાણી,

(આરોપી નંબર ૩ ના જવાબદાર વ્યકિત)

સી/ઓ ૧, બદરી માર્કેટ, ઇન્ડીયન બેંક પાસે,

કે.વી.રોડ, જામનગર.

(૫) નવભારત સીડસ પ્રા.લી.

વાસુકાનન, ગુજરાત વિધ્યાપીઠ સામે,

આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪

(૬) નારણભાઇ રમેશભાઇ કાછડીયા,

(આરોપી નંબર ૫ ના જવાબદાર વ્યકતી)

સી/ઓ નવભારત સીડસ પ્રા.લી.

વાસુકાનન, ગુજરાત વિધ્યાપીઠ સામે,

આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪.

ગુનો :- બીયારણ અધિનીયમ ૧૯૬૬ ની કલમ ૬ તથા ૭ નો ભંગ કરીને કલમ ૧૯(ક) મુજબ.

**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**ધ્રોલ.**

.................................................................................................................................

| | | |
|---|---|---|
| ફરીયાદી તર્ફે | :- | વિદ્વાન એ.પી.પી .શ્રી. આર. એસ. રામાણી |
| આરોપીઓ તર્ફે | :- | વિદ્વાન વકીલશ્રી વાય.વી.મહેતા |

.................................................................................................................................

## -: જજમેન્ટ :-

ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત ....................3
આરોપીઓના જવાબ તથા નિવેદન ....................3
પુરાવો ....................4
દલીલો .................... 6
મુદ્દાઓ .................... 7
મુદ્દાઓ ના નિર્ણય ....................7
કારણો ....................8
હુકમ .................... 17

### 1. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત :-

1.1. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ હલકી ગુણવતાવાળુ બીયારણનું વેચાણ કરી બીયારણ અધિનીયમ ૧૯૬૬ ની કલમ ૬ તથા ૭ નો ભંગ કરીને કલમ ૧૯(ક) મુજબનો ગુનો કરેલ છે.

### 2. આરોપીઓના જવાબ તથા નિવેદન :-

2.1. હાલના કામે આરોપીઓ સામે ઉપરોકત જણાવેલ ગુના મુજબના શિક્ષાપાત્ર ગુના સબબની ફરિયાદના આધારે આરોપીઓને સમન્સની બજવણી થતા આરોપીઓ અદાલતમાં હાજર થતા આરોપીઓની પ્લી આંક ૧૦૯ થી આંક

૧૧૪ સુધી લેવામાં આવેલ છે, જેમાં તેઓએ ગુનાનો ઈન્કાર કરેલ હોય કેસ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ હતો.

3. **પુરાવો :-**

3.1. ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ તહોમત પુરવાર કરવા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

-: મૌખિક પુરાવો :-

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | સાહેદ કનુભાઇ ભગવાનજીભાઇ જીવાણીની જુબાની | ૧ર૧ |
| ર. | સાહેદ અમીતભાઇ પાંચાભાઇ રાઠોડની જુબાની | ૧ર૩ |
| 3. | ફરિયાદી સંજયભાઇ ગણપતભાઇ ડુમાણીયાની જુબાની | ૧ર૫ |

-: દસ્તાવેજી પુરાવો :-

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફોર્મ નમુનો-૮ (કલમ-૧૪(૪)/નિયમ-૩૯) ની ખરી નકલ | ૧રર |
| ર. | ગુજરાત સરકાર, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૦૭/૦૪/ર૦૧૪, અધિસુચના ક્રમાંક: કૃષમ-૧ર૧૪-જી.પી.૧-ક.૧ | ૧ર૬ |
| 3. | તા.૫/૫/૧૪ ના રોજ ખેતી અધીકારી ધ્રોલ-જોડીયા તાલુકાનો હવાલો સોંપ્યાનો હુકમ | ૧ર૭ |

| | | |
|---|---|---|
| ૪. | સરકારી ગેઝેટ | ૧૨૮ |
| ૫. | બીયારણ નમુનો લેવા અંગેની બીયારણ અધીનીયમ ૧૯૬૬ ની કલમ ૧૫(૧)(ક) નમુના નં.૬ ની નોટીસ | ૧૨૯ |
| ૬. | નમુનો-૮ | ૧૩૦ |
| ૭. | બીયારણ નમુનો જુનાગઢ સીડસ ટેસ્ટીંગ લેબ ખાતે મોકલેલ તે બાબતેનો ફોરવર્ડીંગ | ૧૩૧ |
| ૮. | નિયામક બીજ ચકાસણી પ્રયોગશાળા, જુનાગઢ દ્વારા બીયારણ અંગેનો પૃથ્થકરણ પ્રમાણપત્ર | ૧૩૨ |
| ૯. | પાટીદાર એગ્રો સેન્ટરને આપવામાં આવેલ શો કોઝ નોટીસ | ૧૩૩ |
| ૧૦. | પાટીદાર એગ્રો સેન્ટરનો નોટીશ બાબતેનો જવાબ | ૧૩૪ |
| ૧૧. | રૈયાણી બ્રધર્સને આપેલ શો કોઝ નોટીસ | ૧૩૫ |
| ૧૨. | રૈયાણી બ્રધર્સનો નોટીશ બાબતેનો જવાબ | ૧૩૬ |
| ૧૩. | બીયારણ ખરીદીનું બીલ | ૧૩૭ |
| ૧૪. | નવભારત સીડસ પ્રા.લી.ને આપેલ શો કોઝ નોટીસ | ૧૩૮ |
| ૧૫. | નવભારત સીડસ પ્રા.લી.નો નોટીશ બાબતેનો જવાબ | ૧૩૯ |
| ૧૬. | બીયારણનો લેબ ટેસ્ટ રીપોર્ટ | ૧૪૦ |

**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**ધ્રોલ.**

| | | |
|---|---|---|
| ૧૭. | લોટનું બીયારણ અલગ અલગ પેઢીને મોકલતા હોવાનું નવભારત સીડસ પ્રા.લી. નુ સ્ટેટમેન્ટ | ૧૪૧ |
| ૧૮. | ફરીયાદ દાખલ થવા માટે ખેતી નિયામકશ્રી, કૃષી ભવન, ગાંધીનગરને લખેલ પત્ર | ૧૪૨ |
| ૧૯. | ફરીયાદ દાખલ કરવા માટેનો કાર્યાલય આદેશ | ૧૪૩ |

ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપીઓનું સી.આર.પી.સી. કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓના વિ.વ.શ્રીએ તેમની સામેના પુરાવો ખોટો છે તેવુ જણાવેલ છે તથા વિશેષમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદીએ હાલનો નમુનો લીધા બાદ નમુનાની ડેઇટ એકસપાયર થયા બાદ કોર્ટમાં ફરીયાદ કરેલ હોય અમોને નમુના રીએનાલીસીસ કરવા વધુ ન મળેલ હોય અમારા કાયદા મુજબના હકકોને પરાભય થયેલ અમો નિર્દોષ છીએ તેવુ જણાવેલ છે. ત્યારબાદ હાલનો કેસ દલીલો પર રાખવામાં આવેલ છે.

**4. દલીલો :-**

4.1. ફરીયાદપક્ષના વિ.એ.પી.પી.શ્રી આર. એસ. રામાણી એ દલીલ કરેલ છે કે હાલના કેસમાં ફરીયાદી એ જુબાની આપી પુરાવો આપેલ છે કે તેઓએ આંક ૧૩૦ મુજબ આરોપી નંબર ૧ પાસેથી બિયારણ કબજે કરેલ છે અને એ હકીકત ને આંક ૧૨૧ ના પંચ સાક્ષી એ સમર્થન કરેલ છે જેથી આરોપી નંબર ૧ પાસેથી બિયારણ કબજે કરેલ હકીકત સાબિત થયેલ છે. વધુમાં આંક ૧૩૨ મુજબ આ કબજે કરેલ બિયારણ હલકી ગુણવતાવાળુ હોવાનુ ટેસ્ટીંગ થી

સાબિત થયેલ છે. વધુમાં આંક ૧33 થી ૧૩૯ મુજબના દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા હાલના કેસના આરોપીઓ આંક ૧3૦ મુજબ નુ હલકી ગુણવતાવાળુ બિયારણ વેચાણ કરતા હોવાનુ સાબિત થયેલ હોઇ હાલના કેસના આરોપીઓને દોષિત ઠરાવવા રજુઆત કરેલ છે.

4.2. આરોપીઓ પક્ષ તરફથી વિદ્વાન વકિલશ્રીએ વાય. વી. મહેતા તરફે રજુઆત છે કે હાલના કેસમાં ફરીયાદી એ આરોપીઓ સામે કેસ ખુબ મોડો દાખલ કરેલ છે જેથી હાલના કેસના આરોપીઓને બિયારણ અધિનિયમ ની કલમ ૧૬ મુજબ ફરીયાદી એ જે સેમ્પલ લીધેલ તે સેમ્પલ ને રીએનાલીસ્ટ ની તક મળેલ નથી જેથી હાલની ફરીયાદ ટકી શકે તેમ નથી જેથી હાલના આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે અને તે માટે આરોપી તરફે નામદાર ગુજરાત હાઇકોર્ટ ના Shree Mahalaxmi Seeds Versus State Of Gujarat જજમેન્ટ પર આધાર રાખેલ છે.

5. **મુદ્દાઓ :-**

5.1. શું ફરિયાદ પક્ષની એ હકીકત સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ હલકી ગુણવતાવાળુ બિયારણનું વેચાણ કરી બીયારણ અધિનીયમ ૧૯૬૬ ની કલમ ૬ તથા ૭ નો ભંગ કરીને કલમ ૧૯(ક) મુજબનો ગુનો કરેલ છે ?

5.2. શું હુકમ ?

6. **મુદ્દાઓ ના નિર્ણય :-**

6.1. નકારમાં.

**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**ધ્રોલ.**

6.2. આખરી હુકમ મુજબ.

## -: કારણો :-

7. ફરિયાદપક્ષ ના પૂરવાનું મૂલ્યાંકન કરતા પહેલા ફોજદારી કાર્યવાહીમાં પૂરાવાનું મૂલ્યાંકન, વિશ્લેષણ કરતી વખતે પ્રસ્થાપિત થયેલ કેટલાક સિદ્ધાંતો લક્ષમાં લેવા જરૂરી છે, જે નીચે મુજબ છે.

7.1. ફોજદારી કાયદા મુજબ ફરિયાદપક્ષે આરોપી સામે પોતાનો કેસ નિશંક પુરાવાથી પુરવાર કરવાનો રહે છે. જ્યારે આરોપીપક્ષે પોતાનો બચાવ સંભવિતતા ના સિદ્ધાંત ઉપર પુરવાર કરવાનો રહે છે અને તે માટે આરોપી પક્ષ ફરિયાદ પક્ષના સાહેદોના પુરાવા દરમ્યાન ઉલટ તપાસમાં તે હકીકત પુરવાર કરી શકે છે.

7.2. જ્યારે કોઈ કિસ્સામાં ફરિયાદપક્ષના સાહેદોના પુરાવામાં કોઈ ગૌણ અને ક્ષુલ્લક વિરોધાભાસ હોય તો તેને લઈને ફરિયાદપક્ષના કેસને કોઈ નુકશાન થતું નથી. પરંતુ જો સાહેદોનો પુરાવો મહત્વની બાબતો માં વિરોધાભાસી અને અસંગતતા ભર્યો હોય તો તેવા પ્રસંગે તે હકીકત ફરિયાદ પક્ષની વિપરીત જાય છે.

7.3. ભારતીય પુરાવા અધિનિયમ કલમ ૧૩૪ લક્ષમાં લેતા કોઈ એક હકીકત સાબિત કરવા અમુક સાહેદો ની સંખ્યા હોવી જરૂરી નથી. એટલે કે, સાહેદોની સંખ્યા/જથ્થો નહિ, પણ પુરાવાની ગુણવત્તા કે સાહેદો ના પુરાવાની વિશ્વસનીયતા મહત્વની છે.

7.4. ફોજદારી કાયદાનો એ સિદ્ધાંત પણ સુસ્થાપિત છે કે, ફોજદારી કેસમાં જે કંઈ પણ નિર્ણય ઉપલી અદાલતે આપેલ હોય છે તે જે તે કિસ્સાની સંબંધિત હકીકતો અને સંજોગો આધારિત હોય છે અને તે ચુકાદો હકીકતો પર આધારિત ચુકાદો ગણાય છે અને તેથી જે તે ચુકાદો હાથ પર ના કેસની હકીકતોમાં આપોઆપ લાગુ પડતા નથી. અદાલતે પોતાની સમક્ષના જે તે કિસ્સાની હકીકતો અને સંજોગો તથા રેકર્ડ પરના પુરાવાના અનુસંધાને જે તે કિસ્સામાં નિર્ણય લેવાનો રહે છે.

8. હાલના કેસમાં ફરીયાદી તરફે આંક ૧૨૧ થી કનુભાઇ ભગવાનજીભાઇ જીવાણી ને તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ પાટીદાર એગ્રો નામની દુકાન પાસેથી પસાર થતા હતા ત્યારે ખેતીવાડી અધિકારી ડુમાણીયા સાહેબ બેઠા હતા અને તેઓ ડુમાણીયા સાહેબ ને મળવા ગયેલા ત્યાં ડુમાણીયા સાહેબ રાયડાનુ સેમ્પલ લેતા હતા અને આ સેમ્પલના ત્રણ ભાગ કરી અલગ અલગ થેલીમાં પેક કરેલ અને તેના પર દોરી વીટીને સીલ મારેલ હતુ અને આ કાર્ય તેઓની હાજરીમાં કરેલ હતુ તે સિવાય બીજી કોઇ કાર્યવાહી કરેલ નહી. વધુમાં તેઓ જણાવે છે કે તેઓને એક ફોર્મમાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી અને તેઓને આ તબકકે ફોર્મ નંબર ૮ બતાવવામાં આવે છે જેમાં તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે જે હાલના કામે આંક ૧૨૨ થી રજુ થયેલ છે.

ઉપરોકત સાક્ષી આરોપી તરફે ની ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે ખેતીવાડી અધિકારી એ જે સેમ્પલ લીધેલ તેની જાત કે લોટ નંબર, ઉત્પાદક

કંપની નુ નામ, કુલ જથ્થો, પેકીંગની સાઇઝ તે બાબતે તેઓને ખબર નથી. વધુમાં ઉપરોકત સાક્ષી સ્વીકારે છે કે ખેતીવાડી અધિકારી એ તેમની રીતે નમુનો લઇ લીધેલ અને આંક ૧૨૨ વાળુ ફોર્મ ભરી તેમાં તેઓની સહી લીધેલ તે સિવાય તેઓને કંઇ ખબર નથી.

આમ, ઉપરોકત સાક્ષીનો પુરાવો ધ્યાને લેતા ફરીયાદી ડુમાણીયા સાહેબ એ તેઓની સામે રાયડાના સેમ્પલ લીધેલ તે અંગે પુરાવો આપેલ છે પરંતુ આ રાયડા ના સેમ્પલ અંગે ની જાત, લોટ નંબર, જથ્થો, સ્ટેજ, પેકીંગ સાઇઝ બાબતે કોઇ ચોકકસ પુરાવો આપેલ નથી જેથી ઉપરોકત પંચ સાક્ષી આંક ૧૨૨ મુજબ લેવામાં આવેલ નમુના અંગે પુરેપુરુ સમર્થન કરતા નથી.

9. ત્યારબાદ ફરીયાદી તરફે આંક ૧૨૩ થી અમીતભાઇ પાંચાભાઇ રાઠોડ ને તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં તેઓ આંક ૧૨૨ માં પોતાની સહી ઓળખી બતાવે છે. આ સહી તેઓએ કયાં કરેલી તે તેઓને યાદ નથી. વધુમાં તેઓ ખેતીવાડી અધિકારી ડુમાણીયા સાહેબ ને ઓળખે છે તેમજ પાટીદાર એગ્રો એસ.ટી.રોડ, ધ્રોલ પાસે આવેલ છે તેવુ જણાવે છે. વધુમાં તેઓને જુબાની આપવા આવેલ તેનાથી નવ દસ વર્ષ પહેલા એટલે કે અંદાજીત ૨૦૧૫ પહેલા શુ બનેલુ તે તેઓને ખબર નથી. વધુમાં ઉપરોકત સાક્ષી તારીખ ૨૫/૧૧/૨૦૧૪ ના રોજ ડુમાણીયા સાહેબ ખેતીવાડી અધિકારી એ તેઓને પાટીદાર એગ્રો, ધ્રોલ ખાતે બોલાવેલ હોય અને તેમના રૂબરૂ રાઇનો નમુનો લીધેલ હોય અને તે અંગે કાર્યવાહી કરેલ હોય તેવુ બનેલ નથી તેવુ જણાવેલ છે. આમ, ઉપરોકત સાક્ષીએ

ફરીયાદપક્ષ ની હકીકત ને સમર્થન કરેલ ન હોઇ ફરીયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી એ ઉપરોકત સાક્ષીને ફરી ગયેલ સાક્ષી જાહેર કરેલ છે અને કોર્ટ ની પરવાનગીથી ઉલટ તપાસ કરવા છતા ઉપરોકત સાક્ષીએ તારીખ ૨૫/૧૧/૨૦૧૪ ના રોજ ડુમાણીયા સાહેબ ખેતીવાડી અધિકારી એ તેઓને પાટીદાર એગ્રો, ધ્રોલ ખાતે બોલાવેલ હોય અને તેમના રૂબરૂ રાઇનો નમુનો લીધેલ હોય અને તે અંગે કાર્યવાહી કરેલ હોય તે અંગે કોઇ પુરાવો આપેલ નથી.

આમ, ઉપરોકત સાક્ષીના પુરાવાથી આરોપીઓ એ હલકી ગુણવતાવાળુ બિયારણનું વેચાણ કરતા હતા તે હકીકત સાબિત થયેલ નથી.

10. ફરીયાદપક્ષ એ ત્યારબાદ આંક ૧૨૫ થી ફરીયાદી સંજયભાઇ ગણપતભાઇ ડુમાણીયા ને તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તેમની ફરજના ભાગ રૂપે તારીખ ૨૫/૧૧/૨૦૧૪ ના રોજ પાટીદાર એગ્રો સેન્ટર, એસ.ટી.રોડ, ધ્રોલ ની રૂબરૂ મુલાકાત દરમ્યાન ચકાસણી કરતા તેઓની પાસે વેચાણ અર્થે રહેલ બિયારણ નો નમુનો લેવા અર્થે બિયારણ અધીનીયમ ની કલમ ૧૫ મુજબ આંક ૧૨૯ થી રજુ થયેલ નોટીસ આપેલી ત્યારબાદ તેમની પાસે રહેલ નવભારત સીડસ ભારત લી. અમદાવાદ દ્વારા ઉત્પાદીત રીસર્ચ રાઇ બિયારણ (એનબી ૧૧) જાત કે જેનો લોટ નંબર એમએઆર-૧૪-૦૬-૦૦૬-૨૯૦૫૮ ના એક કીલોગ્રામના ૧૭ પેકેટમાંથી એક પેકેટ લઇ તે તોડી તેના ત્રણ સરખા ભાગ કરી બિયારણ અધિનિયમ ની જોગવાઇ મુજબ નમુના નંબર ૮ સાક્ષીઓની રૂબરૂ ભરી જે હાલના કામે આંક ૧૩૦ થી રજુ છે તેમાં દીનેશભાઇ ગડારા ની સહી લઇ તેઓને

એક કોપી આપેલ અને નમુના નંબર ૫ નો ફોરવર્ડીંગ ભરી તારીખ ૨૭/૧૧/૨૦૨૪ ના રોજ જુનાગઢ સીડસ ટેસ્ટીંગ લેબ મોકલેલ જે ફોરવર્ડીંગ આંક ૧૩૧ થી રજુ કરેલ છે.

વધુમાં તેઓ જણાવે છે કે જુનાગઢ સીડસ ટેસ્ટીંગ લેબ દ્વારા રાઈ બિયારણ માં સ્કુરણશકિત ૬૫ ટકા જણાઈ આવેલ અને નાપાસ જાહેર કરવામાં આવેલ જે રીઝલ્ટ ની કોપી તેઓને તારીખ ૩૦/૧૨/૨૦૧૪ ના રોજ મળેલ છે જે પૃથ્થકરણ નુ પ્રમાણપત્ર હાલના કામે આંક ૧૩૨ થી રજુ કરેલ છે જે અંગે ખુલાસો પુછવા તેઓએ પાટીદાર એગ્રો ને આંક ૧૩૩ મુજબ ની નોટીસ આપેલ જેના જવાબમાં પાટીદાર એગ્રો એ રૈયાણી બ્રધર્સ, જામનગર થી આ બિયારણ સીલ બંધ હાલતમાં ખરીદેલ હતુ તેવુ જણાવેલ જે જવાબ હાલના કામે આંક ૧૩૪ થી રજુ છે અને આ અંગે ખુલાસો પુછવા તેઓએ રૈયાણી બ્રધર્સ, જામનગર ને આંક ૧૩૫ મુજબ ની નોટીસ આપેલ જેના જવાબમાં રૈયાણી બ્રધર્સ, જામનગર એ નવભારત સીડસ, અમદાવાદ થી આ બિયારણ વેચાણ અર્થે સીલ બંધ હાલતમાં ખરીદેલ હતુ તેવુ જણાવેલ જે જવાબ હાલના કામે આંક ૧૩૬ થી રજુ છે તેમજ રૈયાણી બ્રધર્સ, જામનગર એ પોતે ખરીદ કરેલ નુ બીલ રજુ કરેલ છે હાલના કામે આંક ૧૩૭ થી રજુ કરેલ છે અને આ અંગે ખુલાસો પુછવા તેઓએ નવભારત સીડસ, અમદાવાદ ને આંક ૧૩૮ મુજબ ની નોટીસ આપેલ જેના જવાબમાં નવભારત સીડસ, અમદાવાદ એ જવાબ રજુ કરેલ છે જે હાલના કામે આંક ૧૩૯ થી રજુ છે તેમજ તેમના દ્વારા કરવામાં આવેલ લેબ ટેસ્ટ નો રીપોર્ટ હાલના કામે આંક ૧૪૦ થી રજુ કરેલ છે તેઓએ જે પેઢીને વેચાણ કરેલ તેનુ સ્ટેટમેન્ટ પણ રજુ

કરેલ છે જે હાલના કામે આંક ૧૪૧ થી રજુ કરેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે આરોપીઓએ આપેલ જવાબ તેઓને સંતોષકારક ન લગતા હાલની ફરીયાદ કરવા તેમના દ્વારા ઉપરી અધિકારીઓની પરવાનગી ની મંજુરી માંગેલ જે મંજુરીનો પત્ર તેઓને મળેલ જે હાલના કામે આંક ૧૪૨ થી રજુ કરેલ છે ત્યારબાદ તેઓને ઉપરોકત જણાવેલ પેઢીઓ અને તેના જવાબદાર વ્યકિતઓ સામે ફરીયાદ કરવા તારીખ ૧૯/03/૨૦૧૫ ના રોજ નો કાર્યાલય આદેશ મળેલ જે હાલના કામે આંક ૧૪3 થી રજુ કરેલ છે અને તે મુજબ તેઓએ હાલની આંક ૧ વાળી ફરીયાદ કરેલ છે જે ફરીયાદમાં તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે.

ઉપરોકત ફરીયાદી ની આરોપીઓ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં ફરીયાદી સ્વીકારે છે કે આંક ૧30 માં નમુના ની કિમત લખવામાં આવેલ નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે આંક ૧3૯ ના જવાબમાં નવભારત સીડસ એ બીજ ચકાસણી, જુનાગઢ ના પરીણામથી તેઓને સંતોષ નથી અને તેઓ બિયારણ નુ રીટેસ્ટીંગ કરાવવા માંગે છે તેવો ઈરાદ જાહેર કરેલ હતો. વધુમાં ફરીયાદી સ્વીકારે છે કે તેઓએ આંક ૧3૧ થી જે નમુનો લીધેલ હતો તે રાઈના નમુના ની એકસપાઈરી ડેટ તારીખ ૧૨/૦૫/૨૦૧૫ ની હતી તેમજ હાલની ફરીયાદ તારીખ ૨૭/૦૫/૨૦૧૫ ના રોજ દાખલ કરેલ છે. વધુમાં ફરીયાદી સ્વીકારે છે કે હાલની ફરીયાદ કરી તે પહેલા નમુના ની સેલ્ફ લાઈફ એકસપાઈર થઈ ગયેલ હતી. વધુમાં ફરીયાદી સ્વીકારે છે કે બિયારણ અધિનિયમ ની જોગવાઈ મુજબ ત્રણ નમુના લેવામાં આવે છે જેમાંથી એક વેન્ડર ને આપવામાં આવે છે, એક ટેસ્ટીંગ માટે લેબમાં મોકલવામાં આવે છે અને એક તેઓની પાસે રાખે છે જે ફરીયાદ

દાખલ વખતે કોર્ટમાં રજુ કરવાનો હોય છે. વધુમાં ફરીયાદી સ્વીકારે છે કે બિયારણ અધિનિયમ ની કલમ ૧૬(૨) મુજબ આરોપી નમુનો રીએનાલીસ્ટ માટે મોકલી શકે છે. વધુમાં ફરીયાદી સ્વીકારે છે કે સામાન્ય રીતે કોઇ નમુના એકસપાઇર થઇ ગયેલ હોય અને પૃથ્થકરણ માટે મોકલવામાં આવે તો તે પૃથ્થકરણમાં ફેરફાર આવે છે. વધુમાં ફરીયાદી સ્વીકારે છે કે નમુનો એકસપાઇર થવાના કારણે આરોપીને કલમ ૧૬(૨) મુજબ રીએનાલીસ્ટ ની તક મળેલ નથી.

આમ, ઉપરોકત તમામ પુરાવો ધ્યાને લેતા ફરીયાદી એ તારીખ ૨૫/૧૧/૨૦૧૪ ના રોજ પાટીદાર એગ્રો સેન્ટર, એસ.ટી.રોડ, ધ્રોલ ની રૂબરૂ મુલાકાત દરમ્યાન ચકાસણી કરતા તેઓની પાસે વેચાણ અર્થે રહેલ બિયારણ નો નમુનો લીધેલ છે તેવો પુરાવો આપેલ છે પરંતુ, હાલના કામે ફરીયાદી તરફે આંક ૧૩૧ થી જુનાગઢ સીડસ ટેસ્ટીંગ લેબ ને મોકલેલ ફોરવર્ડીંગ પત્ર ધ્યાને લેતા તેમાં આરોપી નંબર ૧ પાસેથી નમુનો એકઠા કર્યાની તારીખ ૨૪/૧૧/૨૦૧૪ લખવામાં આવેલ છે. આમ, ફરીયાદી ની જુબાની તેમજ દસ્તાવેજી પુરાવામાં નમુના લેવા અંગેની તારીખમાં મહત્વનો વિરોધાભાસ જણાઇ આવે છે જેથી તેમાં શંકા ઉત્પન્ન થાય તેમ છે. વધુમાં હાલના કામે આંક ૧૨૨ થી જે દસ્તાવેજ રજુ કરેલ છે તે જ દસ્તાવેજ આંક ૧૩૦ થી પણ રજુ કરેલ છે અને તે મુજબ જે નમુનો પંચો રૂબરૂ લેવામાં આવેલ તે પંચો પૈકી આંક ૧૨૧ થી પંચ સાક્ષી કનુભાઇ ભગવાનજીભાઇ જીવાણી એ તે સેમ્પલ અંગે ની જાત, લોટ નંબર, જથ્થો, સ્ટેજ, પેકીંગ સાઇઝ બાબતે કોઇ ચોકકસ પુરાવો આપેલ નથી તેમજ આંક ૧૨૩ થી પંચ સાક્ષી અમીતભાઇ પાંચાભાઇ રાઠોડ એ આંક ૧૨૨ મુજબ નો નમુનો લેવામાં આવેલ છે

તે હકીકત ને કોઈપણ રીતે સમર્થન કરેલ નથી જેથી ફરીયાદી દ્વારા આરોપી નંબર ૧ પાસેથી નમુનો લેવા માટે બિયારણ અધિનિયમ ની જોગવાઈ નુ ચુસ્તપણે પાલન કરવામાં આવેલ છે કે કેમ તે બાબતે પણ શંકા ઉત્પન્ન થાય છે.

11. વધુમાં હાલના કેસમાં ફરીયાદી એ જુબાની ની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે જે નમુનો તેઓએ લીધેલ તેની એકસપાઈરી તારીખ ૧૨/૦૫/૨૦૧૫ ની હતી જયારે હાલની ફરીયાદ તેઓએ તારીખ ૨૭/૦૫/૨૦૧૫ ના રોજ કરેલ છે અને જેથી આરોપીને બિયારણ અધિનિયમ ની કલમ ૧૬(૨) મુજબ રીએનાલીસ્ટ ની તક મળેલ નથી. જેથી આ તબકકે આરોપી તરફે રજુ થયેલ નામદાર ગુજરાત હાઈકોર્ટ ના Shree Mahalaxmi Seeds Versus State Of Gujarat, Criminal Miscellaneous Application No. 2948 of 2012; Decided on:- 05-08-2013 માં આપેલ જજમેન્ટ ધ્યાને લેતા નીચે મુજબ છે.

23. Thus, when the prosecution was initiated, the right available to the petitioners under Section 16(2) read with Section 16(3) of the Act was already frustrated because in view of the delay, the petitioners could not make any application to the Court under Section 16(2) for sending the seeds / sample for re-analysis to the Central Seeds Laboratory after the expiry of shelf life of the seeds / sample in question inasmuch as after the expiry date de- generation of the seeds would set-in /

commence. Consequently, the petitioners are deprived of their right available under Section 16(2) and therefore, their defence is jeopardised and frustrated.

24. In this background, it emerges that the petitioners are justified in their contention that because of the delay their right of effective defence is jeopardised and therefore, the prosecution / criminal case deserves to be quashed and the prosecution cannot be allowed to continue.

આમ, ઉપરોકત જજમેન્ટના પેરા ૨૩ અને ૨૪ ધ્યાને લેતા જયારે આરોપીને કલમ ૧૬ (૨) મુજબ ના હક ની તક મળેલ ન હોય તો આરોપી સામેનો કેસ એ રદ થવાપાત્ર છે તેવુ ઠરાવવામાં આવેલ છે જેથી હાલના કેસમાં પણ આરોપી નંબર ૧ ની દુકાનમાંથી જે સેમ્પલ લેવામાં આવેલ છે તે તારીખ ૧૨/૦૫/૨૦૧૫ ના રોજ સેમ્પલ એકસાપયર થયેલ છે તે હકીકત સાબિત થયેલ છે અને હાલના કેસમાં આરોપીઓ સામે તારીખ ૨૭/૦૫/૨૦૧૫ ના રોજ હાલનો કેસ દાખલ કરવામાં આવેલ છે જેથી હાલના કેસના આરોપીઓને બિયારણ અધિનિયમ ની કલમ ૧૬(૨) મુજબ રીએનાલીસીસ કરવાની તક મળેલ નથી જેથી હાલના કેસના આરોપીઓને હાલના કેસમાં બચાવ કરવા માટે પુરતી તક આપવામાં આવેલ નથી અને ફરીયાદપક્ષ તરફે હાલની ફરીયાદ દાખલ કરી તે પહેલા આરોપીઓનો બચાવ નિષ્ફળ બનાવેલ છે જેથી ઉપરોકત જજમેન્ટ માં

ઠરાવ્યા મુજબ હાલની ફરીયાદ તેમજ આરોપીઓ સામેનો હાલનો કેસ ટકી શકે તેમ નથી.

12. આમ, ઉપરોકત તમામ કારણો ધ્યાને લેતા હાલના કેસના ફરીયાદીપક્ષ એ આરોપીઓનો બચાવ નિષ્ફળ બનાવેલ હોઇ તેમજ હાલના કેસના આરોપીઓ સામે નિઃશંકપણે કેસ પુરવાર થઇ શકે તેવો પુરાવો રજુ કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

1. હાલના કેસના આરોપીઓ (૧) પાટીદાર એગ્રો સેન્ટર, ૭-ક્રિષ્ના શોપીંગ સેંટર, પટેલ સમાજ સામે, એસ.ટી. રોડ, ધ્રોલ. (૨) દિનેશભાઇ થોભણભાઇ ગડારા, (આરોપી નંબર ૧ ના જવાબદાર વ્યકિત) સી/ઓ પાટીદાર એગ્રો સેન્ટર, ૭-ક્રિષ્ના શોપીંગ સેંટર, પટેલ સમાજ સામે, એસ.ટી. રોડ, ધ્રોલ. (૩) રૈયાણી બ્રધર્સ, ૧, બદરી માર્કેટ, ઇન્ડીયન બેંક પાસે, કે.વી.રોડ, જામનગર. (૪) પ્રવિણભાઇ જી. રૈયાણી, (આરોપી નંબર ૩ ના જવાબદાર વ્યકિત) સી/ઓ ૧, બદરી માર્કેટ, ઇન્ડીયન બેંક પાસે, કે.વી.રોડ, જામનગર. (૫) નવભારત સીડસ પ્રા.લી. વાસુકાનન, ગુજરાત વિધ્યાપીઠ સામે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪ (૬) નારણભાઇ રમેશભાઇ કાછડીયા, (આરોપી નંબર ૫ ના જવાબદાર વ્યકતી) સી/ઓ નવભારત સીડસ પ્રા.લી. વાસુકાનન, ગુજરાત વિધ્યાપીઠ સામે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪. ઉપરોકત તમામ આરોપીઓને બિયારણ અધિનીયમ

૧૯૬૬ ની કલમ ૬, ૭ અને ૧૯(ક) મુજબ ના ગુનાઓમાં નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

2. ઉપરોકત જણાવેલ આરોપી નંબર ૨, ૪ અને ૬ એ અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે રૂપીયા ૨0,000/- ના જામીન અને તેટલી જ રકમના જાત જામીન છ મહીના સુધીના રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ સને ૨0૨૬ ના માર્ચ મહીના ની તારીખ ૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ ૨૪/0૩/૨0૨૬

ધ્રોલ.

(મિલાપ એ. કોટડીયા)

(કોડ નંબર જીજે0૧૬૩૪)

જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,

ધ્રોલ.